૫૪૯૫

श्री

सत्यनारायणनी धरम पत्रीकानी कथा

છપાવી પ્રસીધ કરનાર

બાવાજી લખમીદાસ.

સુરતઃ

"ખોદાબક્ષ" પરેશમાં એમ. જ. પોટવાલાએ છાપી.

સંવત ૧૯૫૦ સને ૧૮૯૪

કીમ્મત ૧॥ આનો.

શ્રી

सत्यनारायणनी परम पवीत्रानी कथा


છપાવી પ્રસીધ કરનાર

બાવાજી લખમીદાસ.

સુરત:
"[illegible]" પરેશમાં એમ. જે. પોન્ટવાલાએ છાપી.

સંવત ૧૯૫૦ સને ૧૮૯૪

કીમ્મત ૧॥ આનો.



श्री सत्यनारायणनी धरम पत्रीकानी कथा

श्री गणेशाय नमः   श्री सारदाय नमः

ધરમ પત્રીકા જે લીએ આણી મનમાં મેહેર,
દુઃખ દરીદ્ર તેનાં હરે, સંપતીમાં સમસેર—૧.
દીલથી દરદર દુર થશે, અનેક કાળ કટી જાય,
ઊરની તો આપદા જશે, સાધન સરવે થાય—૨.
અંગથી અભીમાન ટળે, જુઠ તો જલદી જોય,
કળીજુગ બીચારા કયા કરે, ફરી ફરી લાગે પાય—૩,
જુઠ ગઈ જખ મારતી, સાચ સમો નહીં પ્રાણુ
ચીતથી ચોરી પરવરે, રૂપ દેખાવ જાણુ—૪
રવી ઉદેમાં પરગટે, અંધ ઉડી ઊડી જાય,
દેખત લાગે સરવને, દીલકા ભેદ ન પાય—૫.
કાયાથી કળીજુગ જશે, નીરમળ થાસે મન,
લખમીની વધ ગશે, સુખની સંપતી ધન—૬.

જનકા જમ પરવરા, ગએ ઊધાડે દવાર,
કોઈ કડે આવે નહીં, છઇઓ કે ધરનાર—૭
માટે સરવે માનવી, ગુરૂ કહેતે વાત,
માટે સઉમા સોભીએ, જ્યાં હોય પોતાની નાત--૮
ભેદ ભાગી રમતા ફરો, કરીએ નહી કંઈ પેર,
એ બાવાજી સત કહે, જઇએ પોતાને ઘેર—૯.

દેવલોકમાં કળીજુગ વાપ્યો.

જ્યારે સઉ દેવને કળીજુગે અતીસે દુખ દેવા માંડયુ ત્યારે સરવે દેવ મળીને ભુમીકા મોરે આવ્યા ને ભુમીકાને કેહવા લાગ્યા કે આપણને કળીજુગે બહુ દુખ દેવા માડયુ માટે હવે આપણે કેમ કરવું, ધરમનો વીરોધ થવા લાગ્યો ને પાપ વધવા લાગ્યું ને માહે માહે અદેખાઈ કરવા લાગ્યા કે કોઈ કે.ઇની સંભાળ લેય નહીં એવુ દુખ દેવા માડયુ ને આ કળીજુગમા આપણેથી રેહેવાય નહી ને કળીજુગનો નાશ થાય એવુ કરો ત્યારે ભુમીકાએ કહ્યું કે અમારી ઉપર પણ અનીતાનો ભાર બહુ થયો છે માટે હુ પાતાળને વીશે જાઉં ને પરીબ્રમ નારાયણને આરાધુ, એવુ કહીને ભુમીકા પાતાળને વીશે આવ્યા ને પરીબ્રમ નારાયણ પાતાળને વાસે ખીર સમુદ્રમાં પોઢા છે ત્યાં આવીને પરીબ્રમ નારાયણની સ્તુંતી કરવા લાગ્યા ને કહ્યું કે હે નારાયણ દેવલોકમાં કળીજુગે ઘણુ દુખ દેવા માડયુ છે માટે હવે કેમ કરીએ સઉ દેવને સુખ થાય એવુ બતાવો ત્યારે પરીબ્રમ નારાયણે. પોતાના અંતસકરણ વીશે વીચાર કરીને કહ્યુ કે તમો બરમાની પાસે જાવ તે તમારાં દુખ નીવારણ કરશે એવુ સાંભલી ભુમીકા બરમા પાસે આવીયા ને કેહવા લાગવાં હે મહારાજ આ કળીજુગ અમોને દુખની ઉતપતી કરાવે છે તારે બરમા બોલ્યા કે દેવલોકમાં સત ને ધરમ એ બે શબ્દ મુક્યા છે માટે તે કહે એમ કરજો એવુ સાંભળી ભુમીકા દેવલોકમા આવ્યાં ને સઉ દેવને કહેવા લાગ્યાં કે પરીબરમ નારાયણે એમ કહ્યુ કે દેવલોકમાં સત ને ધરમ એ બે શબ્દ મુકેલા છે તે કહે એમ કરજો તે તેને મુકશો નહી એવુ સાંભળી સરવે દેવ

ઘણા ખુશી થયા ને વીચારવા કરવા લાગ્યા કે ચાલો આપણે ધરમ પાસે જઇએ સઉ દેવ ધરમ પાસે આવીને કેહવા લાગ્યા કે હવે કેમ કરવું—ત્યારે ધરમે સઉ દેવને કહ્યું કે જેમ ધ્યાન પોંહચે એમ કરો. ત્યારે સઉ દેવ કેહવા લાગ્યા કે તમો કરો તેમ. ત્યારે ધરમે વીચાર કરીને સઉ દેવને કહ્યું કે ચાલો આપણે સત્યનારાયણની પાસે જઈએ. આપણાં દુઃખની વીનતી પરીપુરણથી કહીએ એટલે સઉ દેવ મળીને સત્યનારાયણ પાસે આવ્યા ને કેહવા લાગ્યા કે હે મહારાજ આ કળીયુગમાં આપણને દુખની ઊપવેધી કરાવે છે માટે એની દુખની ઉપચીધી ફરીથી થાય નહીં એવો ઊપાય બતાવો સત્યનારાયણ દેવતા લોકને કહે કે આગળ સત્જુગમાં મે ધરમને કહેલું છે તે કરો ત્યારે દેવ લોક કેહવા લાગ્યા કે અમો જાણતા નથી એ વીસે અમોને જણાવો સત્યનારાયણે કહ્યું કે ધરમ પત્રીકાની વાણી મે ધરમને કહેલી છે. તે સરવે દેવ મળી તેનું સોધન કરો. ત્યારે દેવ લોક કેહવા લાગ્યા હે માહારાજ ધરમ પત્રીકા તે શું ને તે વીશે આપણને શું થાય તે કથાઓ મને કહી સંભળાવો. સત્યનારાયણ દેવને કેહવા લાગ્યા કે હવે ધરમ પત્રીકા વીસેની કથા સાંભળ.

અધ્યાય ૨ જો.

દેવ લોકમાં ધરમ પત્રીકાએ કેવું કરીયું કામ,
શુખ આપ્યું સઉ દેવને વધારવા પોતાનું નામ.

સત્યનારાયણની ધરમ પત્રીકાનું વરણન--સત્યનારાયણ દેવ લોકને કેહવા લાગ્યા જેને ધરમ પત્રીકાનુ પરીબળ સાંભળવું હોય તે આ મંડપમાં બેસો. હવે સરવે દેવ મોતીના હાર તથા ફુલની

છાબડીઓ લઈને મંડપમાં આવી લાગ્યા ને હલળા હઠ ભરાઈ જે જેને ઘટે એવું લઈને આવવા માંડયું મંડપ ખચખચી ભરાઈ ગયો ને સત્યનારાયણને ફુલે વધાવવા માંડયા. હે માહારાજ ધરમ પત્રીકાનું પરીઆળ એ વીસે અમોને સંભળાવો. ત્યારે સત્યનારાયણે કહ્યું કે એ પત્રીકા સાંભળતાં માહા દુખીઆના દુખ જે હોય તે જાય ને સુખની સંપતી થાય, ને પાપ બળી પ્રલે થશે, ને ધરમની શંપતી થસે, અહંકાર અભીમાન તેના અંગમંથી નાસ પામસે ને આવરદાનો વધારો થસે એવું સાંભળી કળીજુગ માહા સોકાતુર થવા લાગ્યો કે હવે આપણે નાશ પામવાના ને ધરમની સંપતી વધવાની આવી સત્યનારાયણની વાણી સાંભળી દેવ લોક ઘણા ખુશી થયા ને તમારી ધરમ પત્રીકાનું પરીઆળ સાંભળ્યું. હવે સારે તે અમોને મહા ભાવને પ્રીતથી આપો જે અમારૂ કલ્યાણ થાય. સત્યનારાયણે સરવે દેવલોકને મોકળે મનથી આપવા માંડી સરવે દેવે ધરમ પત્રીકા લઈને પોતપોતાને મુકામે આવ્યા સરવે દેવની સંપતી વધવા લાગી ને કળીજુગનાં મુખ બળવા લાગ્યા જો ધરમ પત્રીકાનુ નામ સાંભળો કે ત્યાંથી કળીજુગનો નાસ થાય પાપની જડ જવા માંડે ધરમ વધવા લાગે, ને સરવને અનંદ થયો, માટે આ દેવલોકમાં શત્યનારાયણની ઘણી વધાઈ ચાલી એટલે સરવે દેવે ધરમ પત્રીકા લઈ જવા માંડી એટલે સરવે દેવ કહેવા લાગ્યા કે આ સત્યનારાયણ ના હોત તો આપણી શી વેલા થાતે આપણા સારૂ સત્યનારાયણે આ ધરમ પત્રીકાનું સોધન કરી રાખ્યું તે ઘણું સારૂં. ત્યારે દેવતા લોક શત્યનારાયણને કેહવા લાગ્યા કે આ ધરમ પત્રીકા વીસે અમને ઘણો ફાયદો થયો માટે આ ધરમ પત્રીકા મરતુલોકમાં પણ લેવા સારૂ ઈછે છે.

અધ્યાય ૩ જો

શ. યનારાયણ આવ્યા મરતુંલોકમાં, વધારવા પોતાનો ધરમ,
મનખા દેહનો માનવી કાંઈ નજોણે મરમ.

સત્યનારાયણે દેવલોકને કહ્યું કે અમારે મરતુલોકમાંનાં માને નવી વીસે કળીજુગનો ઘણોક પાપી દેખાય છે માટે અમારે મરતુલોકમાં પધારવાની ઇછા છે તમો દેવલોક સરવે ખુસીથી રહેજો એવું કહી સત્યનારાયણ મરતુલોકમાં આવ્યા ને આવીને પરીઆણ વધારવા શારૂ કાશીના એક બ્રાહ્મણને સ્વપનું આપ્યું ને ત્તા પધારયા બીરાજમાન થઇને બ્રાહ્મણને કહ્યું કે આ મારી કથાના પાંચ અધ્યા તને આપુંછું તે સરવેને કહી સંભળાવજે ત્યારે બ્રાહ્મણે સરવેને કહ્યુ કે મને સત્યનારાયેણનું સ્વપનું આવ્યુ ને મને પાંચ અધ્યા આપ્યા ને કહ્યું કે મારી કથા વખતે સીરાનો પરસાદ વેંચવો સરવને આપવો કથા પરીપુરાણ જયાં સાંભળે તયાં સાંભળતાં શુધા પરસાદ વેહચવો એવું કહીને ત્યાંથી અંતરધ્યાન થયા. બીજે ઠેકાણે બીરાજમાન થવાની ઇછા કરી મરતુલોકમાં તપાસ કરતાં એક કાશી આવી ને બીજી જગા સારી ધરમ પરીપુરણ થએલી તપાસ કરે છે ને બધાએ મરતુલોકમાં જુવેછે જયાં જુવે ત્યાં કળી જુગ વીના ખાલી દેખાતુનથી માટે મનમાં વીચાર કરવા લાગા હવે આપણે બીરાજમાન થવા સારૂ ધરમને કહ્યું કે તમારા ધ્યાનમાં આવે ત્યાં બીરાજમાન થાવો ત્યારે ધરમે કહ્યું કે મરતુલોકમાં સુરત કરી એક શેહેર છે ત્યાં જરા ધરમનીતી છે માટે ત્યાં પ્રગટ થવાની ઈચ્છા કરો ત્યારે સત્યનારાયણ સુરતમાં આવીને બીરાજમાન થવાને જગા તપાસ કરે છે ને તપાશ કારતાં કરતા

ચોફેર ફરીને લાલ દરવાજાની ધરમસાળા આગળ આવીને ઉભા રહ્યા ને તપાસ કરવા લાગ્યા, તપાસ કરતાં કોઈક કરમ સજોગે એક ખાખી બાવા બેઠેલા દીઠા ને તેને સત્યનારાયણને કહ્યું કે તમો મારી સાથે ચાલો તમને એક મુકામ દેખાડું તહાં તમો રહે જો-એવું કહીને અંતરધ્યાન થયા. બાવા દયારામ ખાખીને સ્વપનું આપ્યુ તમો મારા સારૂ ઓતરાખંડમાં હીમાલાની પાસે બાર વરસ ધ્યાન ધરીને બેઠા એટલા સારૂ આં વાણી કરવી પડી એટલુ કહી અંતરધ્યાન થયા એટલે સેરમાંથી એવી વાણી આવી કેહે ખાખી બાવા ચાલો સેહેરમાં એક તમોને મુકામ આપીએ. બાવા બોલ્યા કે અમારે સત્યનારાયણની મુરતી પધરાવવી છે. ત્યારે સરવે કહ્યું કે સુખેથી પધરાવો, બાવો ઉઠી સેહેરમાં આવીને બેઠા ને ફં-- સારાસેરીના નાકા આગળ છેલે મંદીરમાં મુરતી પધરાવાની કરી: ને બાવે સઊ બ્રાહમણુ તથા વેદીઆ અને સુકલ એ સરવેને તેડાવી જગન ઓમ કરીએ ને સત્યનારાયણને બીરાજમાન કરાવીએ એવો મન વીશે વીચાર કરવા લાગ્યા એટલે ત્યાં બ્રામણુ વેદીઆ ને સુકલ આવી સત્યનારાયણને જગન ઓમને આરંભ કરવા લાગ્યા સતકુંડ જગન આદરયો,

જગન કરતાં તેના ધુમાડાની સુગંધને લીધે સઊ દેવ આવીને જેવા લાગ્યા ને બ્રહમા વીસ્નવ ને શીવને બીજા સરવે દેવ આવીને સત્યનારાયણને બીરાજમાન કરયા સંવત ૧૯૪૯ના ફાગણુ વદ ૩ને દાહાડે બીરાજમાન થયા એ દેવ ઘણા પ્રખ્યાતછે સત્યનારાયણ સરવને સંપતી આપનારછે સત્યનારાયણની કથા કે ધરમ પત્રીકાની કથા જ્યાં કેહેવાય તયાંથી પરીપુરણ સાંભળવી સત્ય-

નારાયણની કથા વખતે શીરાનો પરસાદ કરવો ધરમ પત્રીકાની કથા વખતે સાકરનો પરસાદ વેહચવો એ સત્યનારાયણને ઘણુ સારૂ. ઈતીશ્રી ધરમ પત્રીકાની કથા પરીપુરણ થઈ છે.

અધ્યા ૪થો.

ભગત શુરવીર નીકળે, વધારવા મારો ધરમ,
સુખ આપુ હુ તેહને, કાપુ કોટી જનમના કરમ.

જે કોઇ વીર ભગત સત્યનારાયણની ધરમ પત્રી લેવા સારૂ ધારી હોય તો લેવી. જેને લેવી હોય તેને સુરત સેહેરના મઈધર પરાની કંસારાસેરીને નાકે સત્યનારાયણનુ મંદીર છે તહાંથી મલશે ને સત્યનારાયણના થાળનો રૂ. ૧ા લઈ ને જે આવે તેને આપવાને સારૂ સત્યનારાયણનો મેળો પુનમે પુનમે ભરાય છે ને ધરમ પત્રીકા પુનેમને દાહાડે મલસે ને પુનેમને દાહાડે સત્યનારાયણ ત્રણ સરૂપ ધરે છે તે સઊને દરસનનો ભાવ હોય તો આવજો આવજો જરૂર આવજો આ કળીજુગમાં સત્યનારાયણ દેવ ઘણાં પરસન છે ને સઊનુ સારૂ કરનાર એજ દેવ છે. ઈતીશ્રી સત્યનારાયણની ધરમ પત્રીકા સંમપુરણ થઈ છે

હવે આ સત્યનારાયણનાં થાળના રૂ૧ા તે ૧૨૫ શુધી મુકીને લેવી આ સતનારાયણની ધરમ પત્રીકા લઇને દેવપુજામાં રાખવી સાથી કે એની સરજુગમાં દેવે પુજા કરેલી તેથી આ ધરમ પત્રીકા હરીજનને અનુભવ કરવાની ને બીજી ધરમ પત્રીકા જે દેવલોકમાં સત્યનારાયણે આપેલી તે સતનારાયણના મંદીરેથી મલશે સત્યનારાયણના થાળમાં રૂ૧ા થી ૧૨૫ સુધી મુકીને લેવી જેને જેવું મળતર એ પ્રમાણે લેવી. એ સત્યનારાણને ઘણુ સારં છે ઈતશ્રી સતનારાયણની ધરમ પત્રીકાની કથા પુરણ થઈ

અધ્યાય ૫ મો.

સતનારાયણના શાળની દેવલોકમાં થઈ પેગ,
સઉનુ માન વધારવા પધારયા તેને ઘેર.

સત્યનારાયણની ધરમ પત્રીકાનુ દેવલોકમાં પરીબળ વીશે.—
દેવલોકમાં ધરમ પત્રીકાનુ એટલુ પરીબળ વધ્યુ કે દેવ સરવે આનંદ કરવા લાગ્યા ને કળીજુગના મુળ બળી પ્રલય થયા ને ધરમ વધવા લાગ્યો ને સરવેને સુખની સંપતી વધવા માંડી ને સત્યનારાયણની વધાઈયો આલી કે હે માહારાજ તમારી ધરમ પત્રીકાથી અમો સઊ દેવને આનંદ થયો ને સઊને અમર ધન વરસી રહ્યાં ને લીલા લેહેર થઈ પાપીના પાપ બળાને પ્રલય થયા ને અગના અભીમાન ઉતરી ગયાં ને દીલથી દુખ નાશી દુર થયા ને જુઠ અળગી થવા લાગી ને ચીતમાંથી ચીંતા ગઈ ને રવી રૂદેમાં પ્રગટવા લાગ્યો ને માયારૂપી અંધારૂ ઊડી ગયુ ને નીરમળ થવા લાગ્યું દુખ ગયું ને સુખ સઉને થવા માડયું એવી રીતે સઊ દેવલોક આનંદ થવા લાગ્યા સઉને અમર ધન વરસી રહ્યા એવું જોઈ ધરમ ઘણા ખુશી થવા લાગ્યા ને સઉ દેવલોકને કેહવા લાગ્યા કે આપણને સત્યનારાયણની ધરમ પત્રીકાથી સુખ થયુ, ને દુખી ગયુ, માટે સઊ મળી સતનારાયણની પધરામણી કરાવીએ એવુ જાણી દેવલોકે મંડપની રચના કરવા માંડી. સઉ મળી મંડપ તઈઆર કરયો આ મંડપની રચના કેવી રચી કે કોઈથી બની સકે નહીં એવી રીતે બનાવી અને મંડપની ચારે તરફ સોનાની જુલ લળી રહી છે તે નાના વીધ વીધ પેરના ચીતરામણો ચીતરી મુકયા છે ને પવન પાણી ભરવા લાગ્યા અને વા વાસીદા કાઢવા લાગ્યો એટલે સરવ દેવ મળી ફુલના બીછાના બીછાવી દીધાં

શોનાનું સીંગાસણ લાવીને મુકવા લાગ્યા સઊ સઉ દેવના બીછાનાં કરી મુકયા કહ્યુ કે એ ધરમ હવે ચાલો સત્યનાદાયણની પધરામણી કરાવીએ એટલે ધરમને સરવે દેવ સત્યનારાયણને લેવા ચાલ્યા. બધા દેવને ધરમ મળીને નાના વીધવીધ પરકાર ને વાજીંત્ર લઇને વ-આડતા વગાડતા જવા માંડયુ ને અનેક પરકારનાં વાંજીંત્ર વાગી રહ્યાં ને સરવે દેવે ચાલવા માંડયુ મેઘ પાણીનો છંટકાવ કરવા લાગ્યા ને વાગતે ગાજતે સત્યનારાયણને બીરાજમાન થયા તહાં તે ચાલી આવ્યા ને કેહેવા લાગ્યા હે મહારાજ ચાલો અમારો મુ-કામ પાવન કરો. એટલે સત્યનારાયણને પાલખીમાં બેસાડી જયાં મંડપની રચના રચી હતી ત્યાં લાયવા ને મંડપમાં ઊંચા સીંગાસન ઉપર પધરાવા ને સઉ દેવ આરતી ઉતરાવા માંડી ને થાળમાં હીરા માણેક ને મોતીના હાર ફુલ વીધવીધના લાવી થાળ તઈઆર કરી આ સત્યનારાયણની આરતી ઉતારવા માંડી એટલે સત્યનારાયણ સઉ દેવને કેહવા લાગ્યા કે તમને જેણે સરવ દેવને શુખ થયુ તે કેમ મારા થાળમાં જણાતુ નથી તે સુ મે તમને ધરમ પત્રીકા આપી તે મારા થાળમાં કેમ જણાતી નથી તારે કહયુ કે હે માહારાજ અમારા હખરને લીધે ભુલી ગયા ને તમારી કીરપા હોય તો લાવી મુકીએ એટલે સઉ દેવે ધરમ પત્રીકા લાવી થાળમાં મુકી ને આરતી ઊતારવા માંડી એટલે ઘણા ખુશી થઈ આરતી ઉતારી સત્યનારાયણના ચરણ પંખાળી ચરણાંમત લીધાં એટલે સત્યનારાયણને ઘણું ક્રુીધુધ થયા ને કેહવા લાગ્યા કે હવે થાળમાં મારી ધરમ પત્રીકા છે તે સરવે દેવ મળીને લઈલો એટલે સઉ દેવ મળી વીચાર કરવા લાગ્યા કે આ ધરમ પત્રીકા એ ધરમી કેહવા કે આપણે સઉ મળીને કહો કે ધરમ વેહચી આપો એ

ધરમે વેહચી આપવા માંડી એટલે સઉ દેવે સત્યનારાયણના થાળમાં જે જેને મળતર પ્રમાણે મુકીને ધરમ પત્રીકા લઈ લીધી ને સત્યનારાયણને વાજતે ગાજતે લઈને તેમના મુકામમાં લાવી બીરાજમાન કરયા એટલે સત્યનારાયણે કહ્યુ કે તમો તમારા મુકામે પધારો સઉ દેવ પોતપોતાને મુકામે આવયા ને જેમ હતા તેમ કરવા લાગ્યા સત્યનારાયણે ધરમને કહ્યુ કે આ મારી ધરમ પત્રીકા મરતુ લોકમાંજ લઈ જઈને પરીબળ વધારો તે ધરમ મરતુલોકનાં માનવી વીશે આવીને ધરમ પત્રીકાનુ પરીએણ વધાર વા લાગ્યા. ને સઉ લોકને કહ્યુ કે આ સત્યનારાયણના થાળની ધરમ પત્રીકા જે લેશે તેના દુખ સરવે જસે ને પાપનો ખે થસે ધરમ વધે બાળ બચાર્થા સુખીઆ થશે આવરદા વધે છે કળીજુગને નાશ થશે સરવેને સત્યનારાયણ સુખીઆ કરશે સત્યનારાયણની થાળમાં રૂ૧ાથી તે સવાસો સુધી મુકવો ને ધરમ પત્રીકા લેવી ને કંઈ પરસાદ લેવો ઇતીશી ધરમ પત્રીકા પુરણ થઈ.

આ ધરમ પત્રીકા સાંભળે, વંચે આણી પેર.
તેનાં દુઃખ દરીદર ટળે ધરમ વધે તે ઘેર—૧.
સઉને આનંદ ઉપજે, હરખ વાપે અપાર.
ધરમ આવી ઉતરે, જમ ના આવે દવાર—૨.
ધરમ લેખુ માંધે નહીં, છુટે ફરે એ બજાર,
જેના મનમાં જે હશે, તેવો કર વીચાર—૩.
શોધી જોઢો શરવમે ધરમ વીના નહીં કોઇ,
જેયુ તે તો પડશે સહી નહી ઉભી રે છાંય—૪.
એવું જાણી જન રહે નહી મનમાં ઉદાસ,
બાવાજી કહે સત માનજો તેનો વઈકુંઠ વાસ—૫.

લાવણી

આ જગતનમાં જોત જલત હે, શીર ઉપર સત નારાણે,
આ સુરતમાં આવી ઊતરયા ભગત હેતકે કારણે—૧
આવી ધરમને કેહવા લાગા જાવ ભગત નીવારણે—આ જગત
શીવ શકતી બ્રહ્મા વીસણું સઊ પડયા હે ધારણે,
સઊ દેવને દુખ દેવા કળીજુગ ઉભો બારણે,
જોત માયાને પડદે રહી જઈ જુલાવે પારણે—આ જગતમાં૦

ઉદાહરણ.

છળ ભેદ છાની રીતે જોને લોક છેતરીને,
છેડે બાંધ્યું છે તે પાપ છોડયું કેમ છુટશે,
ફાવે તેમ ફંદ કરી ફોગટ તું ફુલ્યો ફરે,
ફંદી તારો ફેલ ઘડો ફટ દેઇ ફુટશે,
કહું કહી કરોડ વાર કથન ન કાને ધરે,
કુપટી કુટેલ શાથે કોણ માથું કુટશે,
ખરેખરો ખેલ આ તો ખેલવુ ખાડાની ધારે
ખણી મુળ ખાય કાળ ખાતાં ખાતાં ખુટશે.

સાખીઓ.

સત સબ્દ ન છોડવો બોલી બોલે અપાર,
બોલનારાને પરખે નહીં તે જાય જમં દવાર,—૧.
બોલત નગરીમાં આવીઆ સંગત સરવે જાણ,
નેન બીચારા નીરખા કરે તે સઊ કરણ પ્રમાણ—૨.
સતગુરૂને ચરણે નમું માગુ પ્રેમ પ્રસાદ,
દયા કરીને દીજીએ હરી રસ અમરીત સવાદ—૩.

વાંણી સકે નહી વરણવી સતગુરૂ કેરૂં સ્વરૂપ.
બુધી બળ મન પોહચે નહીં ઉપમા રહીત અનુપ—૪.
પરથમ પુરણ પ્રેમ શું વનદુ સતગુરૂ ચરણ,
તાપ ટળે સંસારનું મટે જનમ ને મરણ—૫.
સતગુરૂની કરૂંણા થકી ઉપજે નીરમળ જ્ઞાન,
સુધ ચઈતન તુરી આપદે રહે નીરંતર ધ્યાન—૬.
મનના પ્રપચ મુકજે કરજે તત વીચાર
રતન પદારથ જનમ છે નહીં આવે વારમવાર—૭.
મોતી સર્વે ઉદયક તણા તેનો હાર ન થાય,
મીથ્યા મન મોદીક,કરે તેણે ભુખ ન જાય—૮.
તજસે આપુ આપદા ભજશે પુરણ પ્રેમ,
પલકમાં માહી પ્રભે પસે કોટી જનમના કરમ—૯,
સતગુરૂ સંત કીરપા કરે પ્રગટે નીરમળ જ્ઞાન,
રવી ઊગે રજની ટળે રહે નીરંતર ધ્યાન—૧૦
નીરમળ નરણે નીરખતાં કરશે નીજ દેદાર,
સાગરથી સર્વે ઉપજે લેહેરી લોહ અપાર,—૧૧
સત ચીત આનંદ સરવમાં ભરી રહયો ભરપુર,
દીન રજની રહે રંગમાં વરસે નીરમળ નુર—૧૨
પટ તંતુ નીયારો નહીં જમ હાતકને હાર,
જડ ચઈતન જગદીસમાં તેજ પુજ એક તાર—૧૩.
અંતરજામી આતમા મીથયા આનો ગરવ,
માયાને પળદે રહી મોહ પમાડે સરવ—૧૪
મહા મુકત જાણે જગતને આપ રહે અહવીત,
અણુલીંગ આકાશ વત સબ્ય પદ સબદા અતીત—૧૫.

ચેન ચરીત્ર જેને નહી સરવમાં વાપીક સોય,
બાવાજી તેને પીછતાં આવાગમન ન હોય—૧૬
ધરસ્ટ પદારથ જેટલું તેનો થશે અભાવ,
તનમીય તન તુરીઆ તણો તે શું બન્યો બનાવ—૧૭
જાણવું હતું તે જાણીયું હવે નથી જાણવું કાંઈ,
પોતે પોતામાં મળ્યો પાળો પાણી માંય—૧૮

પદ.

ઉપનિસદનાં સરવડાં વરસે, અનુભવી જો ત્યાં વિજળી પરસે,
કેવલ્યમાં સુદ્ધ ચતન્ય દરસે, તો સાતમી ભોમિકા માલતાં રે,

ज्ञेय ज्ञाताનો ગભજ ગળિયો, તતપદ તવંપદ અસીપદ મળિયો,
સ્વપદ માંહે જઈને ભળીયો, તો નિરગુણ મારગ ચાલતાંરે.

જીવન મુક્ત દશા છે સારી, શતનારાણ સદા સુખકારી,
બામણાંકંઠ જાઉ બલિહારી, તો મરજીવા એના ભોગિયા રે;

સંતાપી સપના ડસિયા, મન વાણીથી અગોચર વસિયા,
શાંત રાણ સમાધીના રસિયા, તો અણુર્લાગી અબધુત જોગિયા રે.

વાકજાળનાં સાધન શમતે, અરક ઉગો રજની આથમતે,
વેદના મસ્તક ઉપર રમતે તો સાક્ષાતકારે શોભિતા રે;

ફળ રૂપી ચેતન્ય માંહી જો તે, સાક્ષાતકાર સદોદિત હો તે,
સતચિત આનંદ રૂપજ પોતે, તો સ્વાપંદ માંહેના લોભિયા રે.

નેતી નેતી વિચાર વિશેષે, શાખા ચંદ્ર નવ હોય લેશે,
મુક્તા ખેલે અબધુત વેષ, તો દેહનો આભાસ ધારતા રે,

હંસ ગતિને બગ શું વખાણે, આપ જાણીને અનુમાન આણે,
કૃષ્ણજી અનુભવી હોય તે જાણે, તો વિદેહની છે એ વારતારે,

સંશયરૂપી વળગ્યો છે વીછું, આપોપું બાંધ્યું અણ ઈછ્યું,
પામર પ્રગટ પોત ન પ્રીછ્યું, તો કબુધ કાળના કોળીયા રે;
ભુલે ભરમીયા વિધ વિધ ભાતે, જીવપણું માન્યું જુજવી જાતે,
વ્યાજ ચડી ગયું વાતની વાતે, તો મૂળગા માહીથી હોળિયારે.
જીવપણાના ભાવમાં જડિયા, પરોથા ભાવની આડમાં અડીયા,
વખરિને વિશ્વાસે પડિયા, તો વાક જાળની ચોટમાં રે,
આપ આપણા અનુમાન આણે, પરતંતર કરે તાણા રે તાણે,
વસ્તુ વિચારીને વાત ન જાણે, તો ઉરમીયે લીધા ઓટમારે,
અણ છતા આભાસને પેખી, આવરણ માંહે આંખ અદેખી.
છે છતી વસ્તુને નાખે ઉવેખી, તો ઇશ્વર કહે તે ઉલટી રે;
અચરજ વારતા કોઈક માને, જેને ગુરૂ ગમ લાગી રે કાને,
ઊલઝણા ભાગે કેવલ્ય જ્ઞાને, તો સજજન આવે સુલટી રે.
મહાવાક્ય વિચારીને જોયે, એક વિના બિજો દિસે ન કોયે,
આતમ બોધનો અનુભવ હોય, તો અધિકારીયાને કહ્યું છે તો
લોભાયા સમ રસને ચટકે, અવરાયા ઉરમીને મટકે,
બાવાજી તત્વ દરશન અટકે, તો પાધરો મારગ પ્રીછતો રે.

સમાપ્ત.
